**<u>વલસાડ રૂરલ પો.સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૦૦૧૧૨૬૦૯૭૦/૨૦૨૬ ના કામે અરજદાર ઠાકોર સંદિપ દલપતજીની મુદ્દામાલ અરજી લગત હુકમ</u>**

**૧.** અરજી વંચાણે લીધી. આ કામના અરજદાર ઠાકોર સંદિપ દલપતજી નાઓએ હાલની અરજી, વલસાડ રૂરલ પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૬૦૯૭૦/૨૦૨૬ બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા ધી પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(જી), ૧૧(૧)(ડી), ૧૧(૧)(સી), ૧૧(૧)(આઈ) તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ ઈલેવન્થ એમડમેન્ટ અધિનિયમ–૨૦૧૫ ની કલમ ૧૨૫(ઈ) મુજબના કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રેડમી કંપનીનો મોબાઈલ ફોન જેનો IMEI No. ૮૬૧૬૦૮૦૭૨૬૩૭૪૦૬ તેમની માલીકીની હોય બી.એન. એસ. એસ. – ૪૯૭ હેઠળ અરજીમાં જણાવેલ કારણોસર યોગ્ય શરતોને આધીન તેમને વચગાળાના તબક્કે પરત સોંપવા અરજી કરેલ છે.

**૨.** આ કામના ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રીની એવી દલીલ છે કે, મુદ્દામાલ અંગે પોલીસે આપેલ અભિપ્રાય ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવો જોઈએ. જ્યારે ત.ક.અમલદાર દ્રારા પોતાના અભિપ્રાય દ્રારા અરજદારને મુદ્દામાલ પરત નહિ સોંપવા અભિપ્રાય આપેલ છે.

**૩.** આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ કરેલ અભિપ્રાય તથા મુદ્દામાલ અરજી તથા અરજદારે રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા સદરહુ મુદામાલ મોબાઈલ પો.સ્ટે. ના અધિકારીએ ઉપરોક્ત ગુનાના કામે કબજે કરેલ છે. તેથી રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવો જોતા મુદામાલની માલીકી અરજદારની હોવાનું સાબિત થાય છે તે ન માનવા માટે કોઈ કારણ નથી તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નં. ૩૦૭ સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ

ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ કોઈપણ મુદામાલ પો.સ્ટે.માં પડયો રહે તો ત્યાં તેને નુકશાન થવાની અગર તો ચોરી થવાની અગર તો મુદામાલ સાથે ચેડા થવાની શકયતા રહે છે. આથી વધુ સમય મુદામાલ પો.સ્ટે.મા રાખ્યા વગર, સક્ષમ વ્યકિતને બોન્ડ અગર તો ગેરન્ટી લઈ તેમજ સીકયુરીટી લઈ સોંપવો જોઈએ અને તે માટે માર્ગદર્શક સિધ્ધાંતો પણ તે ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે જે મુજબ ચાલુ કેસ દરમ્યાન સક્ષમ વ્યકિતને તેવો મુદામાલ સોપવો જોઈએ તેવુ ઠરાવેલ છે. આમ ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતા મુદામાલ મોબાઈલ વધુ સમય પો. સ્ટે. મા પડયો રહે તો તેને નુકસાન થવાની સંભાવના હોય તેથી હાલના તબકકે તેઓએ રજૂ કરેલ પુરાવો ધ્યાને લેતા અરજદાર પોતે મુદામાલ મોબાઈલના માલીક હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને હાલના તબકકે મુદ્દામાલ મોબાઈલની કાયમી કસ્ટડી અરજદારને સોપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે છે. તેથી અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદાર ની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર **ઠાકોર સંદિપ દલપતજી** નાઓએ હાલની અરજી, વલસાડ રૂરલ પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૬૦૯૭૦/૨૦૨૬ બી.એન.એસ. એક્ટની કલમ–૨૮૧ તથા ધી પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમની કલમ–૧૧(૧)(એ), ૧૧(૧)(જી), ૧૧(૧)(ડી), ૧૧(૧)(સી), ૧૧(૧)(આઈ) તથા સેન્ટ્રલ મોટર વ્હીકલ ઈલિવન્થ એમડમેન્ટ અધિનિયમ–૨૦૧૫ ની કલમ ૧૨૫(ઈ) મુજબના કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ રેડમી કંપનીનો મોબાઈલ ફોન જેનો IMEI No. ૮૬૧૬૦૮૦૭૨૬૩૭૪૦૬ તે મુદામાલ અરજી તેમજ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતની દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલીજ

રકમના જાત જામીન સંબંધીત પો.સ્ટે.મા આપ્યેથી નીચેની શરતોને આધીન મુદામાલ વચગાળાની કસ્ટડીએ પરત સોપવાનો હુકમ કરવામા આવે છે.

**:: શ ર તો ::**

૦૧. અરજદારે સદર હું મુદ્દામાલ કેસ નો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈને કોઇ પણ રીતે હસ્તાંતરણ,વેચાણ, બક્ષિસ, ગીરો, કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવું નહિ.

૦૨. અરજદારે મુદ્દામાલ મોબાઈલ અદાલત અને તપાસ કરનાર અમલદાર જ્યાં અને જયારે ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

૦૩. અરજદારે મુદ્દામાલ ના રંગ કે ઓળખ માં કોઈપણ જાત ના ફેરફાર કરવા કે કરાવવા નહી.

૦૪. મુદ્દામાલની ઓળખ બાબતે ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન કોઈ તકરાર લઈ શકાશે નહિં.

૦૫. ઉપરોકત મુદ્દામાલ પોલીસ સ્ટેશને અનામત હોય, પી. આઈ. શ્રી એ ઉપરોકત શરતો ને આધિન કબજે લેવામાં આવેલ મુદ્દામાલ જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી સોંપવો અને અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ **તા. ૨૪ મી માહે જુન સને ૨૦૨૬** નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૨૪/૦૬/૨૦૨૬
સ્થળ - વલસાડ.

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.-૦૦૭૧૨]